ગાંધીનગર સમાચાર

શહેરમાં ઉજવાયો શિક્ષક દિવસ

કોરોના મહામારીના કારણે શહેરની વિવિધ સંસ્થાઓમાં ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન 'શિક્ષક દિવસ' ઉજવાયો



ઈન્ફોસીટી સ્કૂલ, સરગાસણ

ઈન્ફોસીટી શાળા સરગાસણમાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ૦૫ સપ્ટેમ્બરે શિક્ષકદિન ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વભરમાં ફેલાયેલ કોરોના-૧૯ને ધ્યાનમાં રાખીને ઓનલાઈન શિક્ષણ દ્વારા ધોરણ ૬ થી ૧૦ ગુજરાતી/અંગ્રેજી બંને માધ્યમના ઘણા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેરઆ ઉજવણીમાં ભાગ લીધો હતો. ''શિક્ષકદિન'' આ ઉજવણીમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને શાળાના મેનેજીંગ ટ્રસ્ટીએ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન પ્રસંગે ઓનલાઈન શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ૩૮ વિદ્યાર્થિની બહેનોએ જુદા-જુદા વિષયો અને ધોરણમાં ખુબ સુંદર શિક્ષણ કાર્ય કરેલ આ શિક્ષણ કાર્યમાં વિદ્યાર્થિની બહેનોએ જુદા જુદા પ્રકારનાં ટીચિંગ એડનો ખુબ સુંદર ઉપયોગ કરેલ આચાર્ય તરીકે સુથાર પ્રીતિ, સુપરવાઈઝર તરીકે મકવાણા એશા, પરમાર દષ્ટિ, તથા શાહ આનલ એ સુંદર કામગીરી કરેલ વકતૃત્વ સ્પર્ધામાં દરેક વર્ગની બે વિદ્યાર્થિની બેનની પસંદગી કરવામાં આવેલ તથા વિદ્યાર્થિની બહેનોએ આજના શિક્ષણકાર્યનો સુંદર અભિપ્રાય આપેલ શાળાના આચાર્યશ્રી નીરૂબેન જે પટેલે શિક્ષણકાર્ય કરનાર તમામ વિદ્યાર્થિની બહેનોને અભિનંદન પાઠવી શાળાના શિક્ષક મિત્રોને ઔષધીય વનસ્પતિ તુલસીના છોડનું વિતરણ કરેલ શિક્ષક દિનની શુભેચ્છા આપેલ હતી.

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળા

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળામાં વર્ચ્યુઅલ ફોર્મેટમાં શિક્ષક દિવસની ઉજવાયો.જેમાં ધોરણ આઠના કુલ ૧૮ વિદ્યાર્થીઓએ શિક્ષકો બનીને ઓનલાઈન શૈક્ષણિક કાર્ય સંભાળ્યું જેમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી કરો પોતાને ફાળવેલ વિષયોની સુંદર ppt ફાઈલ અને વિડીયો બનાવી પોતાના વિષયને ખૂબ જ સારી રીતે તૈયારી કરી રજુ કર્યા. વિદ્યાર્થીઓએ પણ નવા બનેલા શિક્ષકોને સાથ-સહકાર આપી પૂછેલા પ્રશ્નોના ખૂબ જ સુંદર જવાબો આપ્યા. આજના આ વર્ચ્યુઅલ ફોર્મેટ શિક્ષકદિનની ઉજવણીનો કાર્યક્રમ તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસ અને આનંદ સાથે સંપન્ન કર્યો.

શ્રીમતી આર સી પટેલ હાયર સેકેન્ડરી સ્કૂલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી સ્કૂલ દ્વારા ઓનલાઈન શિક્ષક દિવસની ઊજવણી કરવામાં આવી હતી. આ ઓનલાઈન શિક્ષક દિવસમાં ધોરણ ૧ થી ૧૨ના ૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.ઓનલાઈન શિક્ષક દિવસની ઉજવણી માટે વિવિધ વિષયોના શિક્ષકોએ માર્ગદર્શન વિદ્યાર્થીઓને પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્ય વિનોદભાઈ પટેલે આ કાર્યનું આયોજન કરનાર શિક્ષકોઓ અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ અંતમાં પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. અને ઉત્સાહપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયો હતો.



બાપુ ગુજરાત નોલેજ વિલેજ

દેશભરમા હાલમા કોરોનાની સ્થિતી હોવાથી શૈક્ષણિક કાર્ય ઓન લાઈન થઈ રહયુ છે ત્યારે દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસે કે જે શિક્ષક દિવસના રુપમાં મનાવવામાં આવે છે ત્યારે બાપુ ગુજરાત નોલેજ વિલેજની સમગ્ર સંસ્થાઓ જેવી કે ઈજનેરી, ફાર્મસિ, નર્સિગ, લો, અને સાયન્સ એન્ડ કોમર્સ ના વિદ્યાર્થીઓ માટે ડિફેન્સ મા સ્નાતકના અભ્યાસ પછી ઓફિસર લેવલ ના જોબ ની કઈ કઈ તકો રહેલી છે તે અંગેનો વેબિનાર ડેફેન્સ યુનિકોર્નના એક્ષપર્ટ રિટાયર્ડ લેફ્ટ્નંટ કમાંડર શ્રી ભારદ્વાજ અને હાર્દિક પરિખના સહયોગથી યોજાયો હતો.



બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરી હતી. વર્ષપર્યંત વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. જેમાં કોલેજ ના ત્રણે વર્ષના કુલ ૭૨ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. સાંપ્રત પરિસ્થિતી ના કારણે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે. ત્યારે ઘરે થી જ વિદ્યાર્થીઓ એ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ માં શિક્ષક તરીકેની સુંદર ભૂમિકા ભજવી અનોખો અનુભવ મેળવ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં આપણે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુવંદના થકી ગુરુજનોને યાદ કરી એ છીએ ત્યારે શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ પોતાના આદર્શ શિક્ષક ને યાદ કરી તેના જેવી ભૂમિકા ભજવવા સાદર પ્રયત્ન કરે છે.

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ ગાંધીનગર દ્વારા ડિજિટલ ટીસર્ચ ડેની ઊજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુગલ મીટ અને યુટયુબના માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ મિત્રો અને પ્રધ્યાપકએ હાજરી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર ધર્મેશ વંડરા દ્વારા મોટીવેશનલ સ્પીચ આપવામાં આવી હતી. જેમાં આર્શીવચન રુપે વિદ્યાર્થી મિત્રોને અથાગ પરિશ્રમ થકી આવતા સમયમાં કેવી રીતે વિકાસ કરવો જે બાબતે જણાવવામાં આવ્યું હતું.



સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ

બાળકોના પ્રતિભાવરૂપી પુષ્પને કોઈ સંજોગો અવરોધરૂપ ના જ બની શકે. એ વાતને પુરવાર કરતો શ્રેષ્ઠતમ કાર્યક્રમ સ્કૂલ ઓફ અચિવર, કુડાસણમાં શિક્ષક દિન નિમિત્તે ઓનલાઈન માધ્યમોથી ઉજવવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થીઓએ જાતે જ શિક્ષક બની અને ઉત્સાહભેર ટેકનોલોજીનો ઉપયોગ કરી, અન્ય વિદ્યાર્થીઓને ઓનલાઈન માધ્યમથી અધ્યયન કાર્ય કરાવ્યું હતું. સાથે જ એક કલ્ચરલ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વીડિયોના માધ્યમથી વિદ્યાર્થીઓએ શિક્ષકની ગરિમાનો મહિમા રજૂ કરતાં કાવ્ય પઠન, વક્તવ્ય તથા ડાન્સની રજૂઆત કરી હતી. તેમજ શાળાના શિક્ષકો દ્વારા ઓનલાઈન શિક્ષણમાં યથાર્થરૂપે અધ્યયન કરવાનું મહત્ત્વ સમજાવતા નાટક અને સુવાક્યોની સુગંધથી સમગ્ર પરિવેશને સાચા અર્થમાં ગૌરવ યુક્ત બનાવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક

શિક્ષકએ વિદ્યાર્થીના ભવિષ્યનો ભાગ્યવિધાતા છે. શિક્ષક એ વિદ્યાર્થીને વિદ્યા ઉપરાંત સંસ્કાર અને જીવનના નૈતિક મૂલ્યોનું વિશેષ જ્ઞાન આપે છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને શ્રેષ્ઠ શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન. કોરોના મહામારી વચ્ચે પણ આજનો શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષા પ્રદાન કરી પોતાનું કર્તવ્ય શ્રેષ્ઠ રીતે નિભાવી રહ્યો છે. અને આધુનિક ભારતના ભાવિ ઘડતરમાં શ્રેષ્ઠ યોગદાન આપી રહ્યો છે. અર્વાચીન ભારતની આ જ શ્રેષ્ઠ પરંપરાની જાળવણીના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક ખાતે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેની શરૂઆત પ્રાર્થના અને પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા અને એકેડેમીક ડાયરેકટર ભાવિક શાહના શુભેચ્છા સંદેશ સાથે કરવામાં આવી હતી.



પી કે ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટસ કૉલેજમાં કોરોના મહામારી અંતર્ગત ઓનલાઈન શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્ય ડૉ. એમ. એમ ચૌધરીએ ઓનલાઈન રહીને વિદ્યાર્થીઓની ભૂમિકા નિહાળી હતી અને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર શિક્ષક પરિવારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

મનીષા મનીષ ખત્રી
વૃંદા ડ્રેસીસ, ગાંધીનગર
મો. ૯૮૨૪૪ ૪૦૬૩૨

અનિલકુમાર કાંતિલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

પ્રમોદ કે પરમાર
મો. ૯૪૦૮૪ ૯૧૯૮૮

વિક્રમ સુરેશભાઈ દેસાઈ
મો. ૯૦૫૪૧ ૮૪૮૭૮

પ્રજાપતિ વનિતાબેન એમ
મો. ૭૬૯૮૩ ૧૬૧૬૪

જેનિશ જયદીપભાઈ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

શિક્ષક દિને ગુરૂજનોનો ઋણ સ્વીકાર : શિક્ષક કલ્યાણ નિધિમાં મુખ્યમંત્રીએ ફાળો અર્પણ કર્યો

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજદાયિત્વનો ઋણસ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને ગાંધીનગરની શાળાના બાળકો પહોચ્યા હતા. મુખ્યમંત્રીએ તેમની સાથે સહજ સંવાદ કરીને ગુરૂજનો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યુ હતું. આ વેળાએ જિલ્લા કલેકટર કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાન, જિલ્લા શિક્ષણાઅધિકારી વાઢેર અને અન્ય અધિકારીઓ પણ જોડાયા હતા.

શિક્ષક દિન નિમિત્તે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો આપતા રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે રાજભવનમાં ''શિક્ષક દિન'' નિમિત્તે ફાળો આપી શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો એકત્ર કરવાની ઝુંબેશનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે રાજ્યનાં સૌ નાગરિકોને ઉદાર હાથે ફાળો આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.